


# શ્રીગુરુચરણે



# શ્રીગુરૂચરણે

## આલ્કિઓની

(જે. કૃષ્ણમૂર્તિ)

ના "ઍટ ધી ફીટ ઑફ ધી માસ્તર"

એ નામના ઇંગ્રેજી પુસ્તકનું આ ગુજરાતી
ભાષાન્તર, કર્તાની પરવાનગીથી
કર્યું છે.

(બીજી આવૃત્તિ)

કિંમત ૬ આના.

---

૧૯૧૩.

# શ્રીગુરૂચરણે

# પ્રસ્તાવના.

આ લઘુ પુસ્તકની પ્રસ્તાવના લખવાનું માન એક વડીલ તરીકે મને આપવામાં આવ્યું છે. વયમા જોકે ન્હાના પરંતુ આત્માના અનુભવમાં ઘણા આગળ વધેલા એક બાલ બંધુનું આ પ્રથમ પુસ્તક છે જ્ઞાનનાં દ્વાર ઉઘાડનારી દીક્ષાને માટે તૈયાર કરતાં લેખકના ગુરૂદેવે તેને જે બોધ આપ્યો હતો તે તેણે પોતાની સ્મરણ શક્તિને આધારે મહા મુશ્કેલીથી અને ધીમે ધીમે લખી લીધો હતો; કારણકે ગયે વર્ષે તેનુ અંગ્રેજી ભાષાનુ જ્ઞાન હાલ કરતાં ઘણું ઓછું હતું. પુસ્તકનો ઘણોખરો ભાગ ગુરૂદેવના પોતાનાજ શબ્દોમાં લખાયલો છે, એમાંનો જે ભાગ ગુરૂદેવના પોતાના શબ્દોમાં નથી તેમાં તેમના શિષ્યે ગુરૂદેવનાજ વિચારોને પોતાના શબ્દોમાં મૂકેલા છે. બે રહી ગયેલાં વાક્યો ગુરૂદેવે

પોતે પુરાં પાડયાં છે. બે સ્થળે રહી ગયેલો એક શબ્દ પાછળથી ઉમેરવામાં આવ્યો છે આ સીવાય બાકીનું સર્વ આલ્કિઓનીનું પોતાનુંજ છે—જગત્‌ને તેના તરફની આ પહેલી ભેટ છે

ગુરૂદેવના બોધવચનથી લેખકને જેવી મદદ મળીછે તેવીજ મદદ બીજાઓને પણ મળે એવી ઉમેદથી તેણે આ પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે પરંતુ જેવી રીતે આ પુસ્તકના લેખકે પોતાના ગુરૂદેવના મુખથી ઉપદેશ સાંભળ્યા પછી તે પ્રમાણે પોતાનું જીવન ગાળ્યું છે તેવી રીતે જો આ બોધને અનુસરીને જીવન ગાળવામાં આવે તોજ તે બોધ લાભદાયક થઇ શકે. શિક્ષણની સાથે લેખકના દાખલાનું અનુકરણ કરવામાં આવે તો લેખકને માટે જેમ ગુરૂપરંપરાના માર્ગનું દ્વાર ખુલ્લું થયું તેમ વાંચકને માટે પણ તે દ્વાર ખુલ્લું થશે અને તે પરમપદમાર્ગને પહેલે પગથીએ ચઢશે.

ઍની બીસેન્ટ.

ગુરૂદેવના દ્વાર આગળ ઉભેલા
મુમુક્ષુઓને
અર્પણ.

असतो मा सद्गमय
तमसो मा ज्योतिर्गमय
मृत्योमाऽमृतङ्गमय

અસત્માંથી મને સત્ તરફ લઇ જાઓ.
અંધકારમાંથી મને પ્રકાશમાં લઇ જાઓ.
મૃત્યુમાંથી મને અમરપણામાં લઇ જાઓ।

# શરૂઆતના બે બોલ.

**આ** શબ્દો મારા પોતાના નથી. જે ગુરૂદેવે મને શિક્ષણ આપ્યું છે તેમનાજ આ બોધવચનો છે તેમની કૃપા વિના હું કંઈ પણ કરી શક્યો ન હોત, પરંતુ તેમનીજ સહાયતાથી હું ગુરૂપરંપરાના માર્ગપર ચઢયો છુ તમને પણ તેજ માર્ગ પર દાખલ થવાની ઈચ્છા છે તથી જે બોધવચનો ગુરૂદેવે મને કહ્યાં છે તેનેજ જો શીરપર ચઢાવી તે પ્રમાણે વર્તશો તો તમને પણ એ સહાયકારક થઇ પડશે. આ વચનો મધુર અને સાચાં છે એમ કહેવાથી કંઇ બસ નથી; જે માણસને ફતેહ પામવાની ઈચ્છા હોય તેણે તો જે કંઈ આ પુસ્તકમાં કહેવામાં

આપ્યું છે, તે પ્રમાણે બરાબર વર્તવું જોઇએ. અન્ન સામે જોવુ અને કહેવું કે તે સારૂં છે એથી કંઈ ભૂખ્યા માણસની ભૂખની શાન્તિ થતી નથી, પણ ભૂખની તૃપ્તિ માટે તેણે હાથ લાંબો કરીને ખાવા માંડવું જોઇએ તેવીજ રીતે ગુરૂદેવના શબ્દો સાંભળવા એ કંઇ બસ નથી; પણ તેમણે જે કહેલું છે તે પ્રમાણે તમારે ચાલવુ જોઇએ, અને તેમના દરેક શબ્દ તથા તેમની દરેક સૂચનાપર પુરતું ધ્યાન આપવુ જોઇએ. જો એક પણ સૂચના ધ્યાન બહાર જાય અથવા એક પણ શબ્દ ભૂલી જવાય તો તે સૂચના તથા તે શબ્દ હંમેશને માટે હાથમાથી ગયા સમજવા, કારણકે ગુરૂદેવ એક વાત બે વખત બોલતા નથી.

આ પરમપદમાર્ગની પ્રાપ્તિ માટે ચાર સાધનો છેઃ

**વિવેક**

**નિર્વાસના (વૈરાગ્ય)**

**સદાચાર**

**પ્રેમ.**

આ પ્રત્યેક સાધન સંબંધી ગુરૂદેવે મને જે કંઈ શિક્ષણ આપેલું છે તે હું તમને કહેવાને બનતો પ્રયત્ન કરીશ.

# શ્રીગુરૂચરણે.

## ૧

આ ચાર સાધનોમાંના પહેલા સાધનનું નામ વિવેક છે સાધારણ રીતે વિવેક શબ્દ, સત્ અને અસત્ એટલે કે નિત્ય અને અનિત્યને–ઓળખવાની શક્તિ એવા અર્થમાં વપરાય છે. આ વિવેક તે તેજ છે કે જે મનુષ્યોને ગુરૂપરંપરાને માર્ગે લઇ જાયછે. વિવેકમાં આ ઉપર બતાવેલા સામાન્ય અર્થ ઉપરાંત પણ કંઇક વધારે રહસ્ય સમાયેલુ છે, અને પરમપદમાર્ગની શરૂઆતમાંજ આ સાધન પ્રમાણે ચાલવાનું છે એટલુંજ નહિ પરંતુ પરમપદની પ્રાપ્તિ થાય ત્યાં સુધી દરેક ડગલે ને પગલે હમેશાં તે પ્રમાણે

ચાલવાની જરૂર છે. તમે આ માર્ગ લીધો છે કારણકે જે વસ્તુઓ મેળવવા લાયક છે, તે સઘળી માત્ર આ માર્ગે ચાલવાથીજ પ્રાપ્ત થાય છે એમ તમારી ખાત્રી થયેલી છે. જે લોકોને ઉપરનુ જ્ઞાન થયેલું નથી તેઓ વૈભવ અને અધિકારની પ્રાપ્તિ માટે પ્રયત્નો કર્યા કરે છે, પરંતુ આ વસ્તુઓ વધારેમાં વધારે તો, માત્ર એક જીદગીને માટે છે અને તેથી તે બંને અસત્ અને અનિત્ય છે

આના કરતા બીજી વધારે મહત્વની વસ્તુ ઓ છે, કે જે સત્ અને નિત્ય છે, જ્યારે તમને આ સત્ અને નિત્ય વસ્તુઓનુ એકવાર ભાન થાય છે ત્યારે તમે અગાઉ જણાવેલી અનિત્ય વસ્તુની કદી ઇચ્છા કરતા નથી સમસ્ત જગત્માં માત્ર બેજ પ્રકારના મનુષ્યો છે—જેઓને જ્ઞાન પ્રાપ્ત થયુ છે તે અને જેઓને જ્ઞાન પ્રાપ્ત થયું

નથી -, ખરેખરી રીતે જોતા આ જ્ઞાનજ મહત્વનીં વસ્તુ છે. માણસ કયો ધર્મ પાળેછે તથા તે કઇ જાતનો છે --એ બાબતો કંઇ અગત્યની નથી ખરેખરી અગત્યની વસ્તુ આ જ્ઞાનજ છે, અને આ જ્ઞાન તે મનુષ્યની ઉન્નતિ માટે ઈશ્વરે યોજેલી યોજનાનુ જ્ઞાન સમજવું, કારણ કે ઈશ્વરની એવી એક યોજના છે કે જેને ઉન્નતિ ક્રમ કહેવમાં આવેછે, અને જેને લીધે મનુષ્ય દીનપ્રતિદીન ઉંચી અને ઉંચી સ્થીતિએ ચઢેછે જયારે કોઇ માણસની આ બાબતમા એક વખત આંખ ઉઘડેછે અને જયારે તેને ઉન્નતિક્રમની યોજનાનુ વસ્તુતઃ જ્ઞાન થયછે ત્યારે ત માણસ તે યોજના સાથે એકરૂપ થયા વિન અને તેને માટે ક્રમ કર્યા વિના રહી શકતો નથી, કારણ કે ઈશ્વરની તે યોજના ઘણીજ ઉમદા અને મનોહર છે. આ યોજનાનું તેને જ્ઞાન

થયુંછે તેથી તે ઇશ્વરના પક્ષમા રહી સત્ય, સદ્ધર્મ અને સદાચાર તરફથી અસત્ય, અધર્મ અને દુરાચારની સામે લડેછે, અને પોતાના સ્વાર્થનો ત્યાગ કરી આખા જગત્‌ના કલ્યાણ માટે કાર્ય કરવા માડેછે

જો તે ઇશ્વરના પક્ષમા રહીને કામ કરેછે તો તે અમારા માહેલો એક છે, ભલે પછી તે પોતાને **હિંદુ** કહે અથવા **બોધ** કહે, **ક્રીસ્તી** કહે અથવા **મુસલમાન** કહે, ભલે તે હિંદના રહે-વાસી હોય વા અગ્રેજ હોય, **ચીના** હોય, વા **રશીઅન** હોય, તેની સાથે લેશપણ સબધ નથી. જેઓ ઇશ્વરની ઇચ્છાને અનુસરીને ચાલનારા છે તેઓ જાણેછે કે તેઓ આ દુનીયામા શામાટે જન્મ્યા છે અને તેઓનુ શુ કર્તવ્ય છે, અને તેથીજ તે પ્રમાણે વર્તન કરવા પ્રયત્ન કરેછે. બાકીના સઘળા લોકો કે જેમને હજી

આ જ્ઞાન થયું નથી તેઓ પોતાનું કર્તવ્ય શું છે તે સમજી શકતા નથી, અને તે-થીજ તેઓ ઘણીવાર મૂર્ખપણે વર્તેછે. તેઓ એવા ઉપાયો યોજવા પ્રયત્ન કરેછે કે કે જે તેઓના ધારવા પ્રમાણે તેઓને પોતાને સુખરૂપ થાય, પણ સર્વનો આત્મા એક છે અને તેથી જો કોઈ કાળે ખરેખરૂં સુખ મળી શકે તો તે **પરમાત્માની** ઇચ્છા પ્રમાણે કામ કરતામાજ મળી શકેછે, આ વાત તેઓ ભૂલી જાય છે. આવા લોકો સત્‌ને છોડી અસત્‌ની પાછળ ચાલનારા છે જયાસુધી આ સત્ અને અસત્ વચ્ચેનો ભેદ તેઓ સમજે નહિ ત્યાંસુધી તેઓ ઈશ્વરના પક્ષમાં આવ્યા નથી, અને તેટલાજ માટે આ **વિવેકની** પહેલી જરૂરછે. **વિવેક** એ પહેલું સાધન અને પહેલું પગથીયું છે.

સત્ અને અસત્ એ બેમાંથી સત્ને માર્ગે ચાલવાનું પસંદ કર્યા પછી પણ તમારે યાદ રાખવું જોઈએ કે સત્ અને અસત્ના પણ ઘણા સૂક્ષ્મ પ્રકારો છે અને હજી પણ તમારે ખરું અને ખોટું, મહત્વનું અને બીનમહત્વનું, ઉપયોગી અને નિરૂપયોગી, સત્ય અને અસત્ય, સ્વાર્થી અને નિઃસ્વાર્થી એ સર્વમાં વિવેક કરવાની જરૂર છે

ખરા અને ખોટા વચ્ચે નિર્ણય કરવાનું કામ કંઈ કઠીણ હોવું જોઈએ નહિ, કારણ કે જેઓ ગુરૂદેવને પગલે ચાલવા ઈચ્છે તેઓએ તો ગમે તે જોખમે ખરાને જ માર્ગે ચાલવાનો નિશ્ચય કરેલો હોય છે પણ શરીર અને પુરૂષ એટલે જીવાત્મા એ બન્ને જુદા છે, અને તેથી શરીરની ઈચ્છા હોય તે જ પુરૂષની એટલે જીવાત્માની ઈચ્છા હોય એમ કંઈ હમેશાં બનતું નથી.

જ્યારે તમારૂં શરીર કંઇ પણ ઇચ્છા કરે ત્યારે જરા અટકીને વિચાર કરજો કે તમે પોતે પણ ખરેખર એમજ ઇચ્છોછો કે કેમ? કેમકે તમે પોતે ઈશ્વરથી જુદા નથી અને તેથી ઈશ્વરની ઇચ્છા તેજ તમારી ઇચ્છા હોવી જોઈએ, પરંતુ ઈશ્વરને જોવા માટે તમારે પોતાના હૃદયમા ઉંડા ઉતરવુ જોઇએ અને ત્યા ઈશ્વરની આજ્ઞા કે જે તમારી પોતાનીજ આજ્ઞા છે તેને ધ્યાનપૂર્વક સાંભળવી જોઈએ સ્થૂલશરીર કે વાસનાશરીર કે માનસિક શરીર તમે પોતે છો એમ સમજવાની ભૂલ તમે કદી પણ કરતા નહિ પોતને જોઇતી વસ્તુ મેળવવા માટે આમાનુ દરેક શરીર પોતે આત્મા હોવાનો ડોળ ઘાલશે, પણ તમારે તે સર્વે શરીરોને ઓળખવા જોઇએ અને તમે તે સર્વ શરીરોના ધણી છો એમ તમારે ખાત્રીપૂર્વક સમજવું જોઇએ.

જયારે ખાસ અગત્યનું કામ આવી પડેછે ત્યારે સ્થૂલશરીર આરામ લેવા, ફરવા જવા, અથવા ખાવાપીવાને ઇચ્છેછે, અને જે મનુષ્યને ઇશ્વરની યોજનાનુ જ્ઞાન પ્રાપ્ત થયું નથી તે પોતાના મનમાં કહેછે કે "મને આરામ લેવાની, ફરવા જવાની અથવા ખાવાપીવાની જરૂર છે, માટે તે કામ મારે કરવુજ જોઇએ" પરંતુ જેને ઇશ્વરની યોજનાનુ જ્ઞાન થયુ છે તે કહેછે કે "આરામ વીગેરેની જે ઇચ્છા રાખેછે તે હુ નથી એ તો મારૂ સ્થૂલશરીર છે. તેણે થોડીવાર થોભવું જોઇએ" જયારે કોઇને મદદ કરવાનો પ્રસંગ આવેછે ત્યારે સ્થૂલશરીરને લાગેછે કે "આ કામમા મને ઘણુ કષ્ટ વેઠવું પડશે માટે ભલે કોઇ બીજોજ કરે." પણ જ્ઞાની પોતાના શરીરને જવાબ આપેછે કે "સત્કર્મ કરવામાં ત્હારે મારી આડે આવવું નહિ."

આ સ્થૂલશરીર તમારૂં એક પશુ—તમારો ઘોડો કે જેના પર તમે સ્વારી કરોછો તે છે. તેથી તેની સારી સંભાળ લેવી તથા તેને સારી રીતે રાખવું તે તમારી ફરજ છે, તમારે તેની પાસે હદ ઉપરાંત કામ કરાવવું નહીં. તમારે તેને માત્ર શુદ્ધ ખોરાક તથા સ્વચ્છ પાણી આપવું તથા તેના ઉપર જરા જેટલો પણ મેલ ન ચોંટી રહે તેટલી હદ સુધી તેને હમેશાં બરોબર સાફ રાખવું. કારણકે સંપૂર્ણ રીતે સ્વચ્છ અને નિરોગી શરીર વિના પરમપદમાર્ગ પર પ્રવેશ કરવાની તૈયારી કરવાનું કઠીન કાર્ય તમારાથી થઇ શકશે નહીં, અને તે તૈયારી કરતાં શરીરના પર જે ચાલુ શ્રમનું દબાણ થશે તે તમારાથી સહન થઈ શકશે નહીં. પરંતુ તમારે તે શરીરને હમેશાં વશ રાખવાનું છે, નહી કે શરીર તમને વશ રાખે.

વાસના શરીરને પણ પોતાની અનેક કામ-
નાઓ છે. જેવી કે તમે ગુસ્સે થાઓ, હૃદયભેદક
શબ્દો બોલો, કે ઇની ઇર્ષા કરો, ધનનો લોભ
કરો, બીજા લોકોનો વૈભવ જોઇ તેના અદેખાઇ
કરો અને ઉદાસીનતાને વશ થાઓ; તમારૂં
વાસનાશરીર આવી રીતે તમે વર્તો એમ ઇચ્છે છે.
આ સઘળી વાસનાઓ ઉપરાંત બીજી ઘણી
વાસનાઓની આ શરીર અપેક્ષા રાખે છે પણ
તમને નુકશાનજ કરવુ એવો કાંઇ તેનો હેતુ
નથી; પરંતુ તેને તો પોતાના પરમાણુઓ તીવ્ર
વેગથી અને તે પણ વળી જુદી જુદી
રીતીથી આમ તેમ અથડાય એટલુંજ જોઇએ
છે **તમને પોતાને** આમાંના કશાની જરૂર
નથી અને તેટલા માટે તમારા વાસનાશરીરની
કામનાઓ અને તમારી પોતાની ઇચ્છાઓ વચ્ચે
તમારે વિવેક કરવો જોઇએ

તમારૂં માનસશરીર પોતાને મગરૂરીમાં બીજાથી જુદું સમજે છે અને બીજાનો વિચાર બાજુએ મૂકી પોતાનોજ વિચાર આખો વખત કર્યા કરેછે, અને તમે તેને સંસારના વિષયો પરથી ખેંચી લીધુ હોય, તો પણ તે પોતાનેજ માટે હજી ગણત્રી કરવા પ્રયત્ન કરેછે, અને બીજાને મદદ કરવાનો તથા ગુરૂદેવના કાર્યનો વિચાર કરવાને બદલે તમારે કેમ આગળ વધવું તેનોજ વિચાર તમારી પાસે કરાવે છે જ્યારે તમે ધ્યાન કરવા બેસશો ત્યારે તમને પોતાને જોઈતી એક વસ્તુનું ધ્યાન કરવા નહીં દેતા તેને પોતાને જે અનેક ચીજ સદ છે તેનો તમારી પાસે વિચાર કરાવવા મથશે તમે પોતે આ મન—માનસ શરીર—નથી પણ તે તમારે વાપરવાનું એક સાધન છે, માટે આહીં પણ વળી વિવેકની જરૂર છે. તમારે સદા સર્વથા સાવધ રહેવું જોઈએ નહિંતો તમે ભૂલથાપ

ખાશો. ગુપ્તજ્ઞાન ખરા અને ખોટા વચ્ચે છુટછાટ મુકતું નથી. ગમે તેવા દેખીતા જોખમે પણ જે કઇ ખરૂ હોય તેજ તમારે કરવું. જે કંઇ ખોટું હોય તે તમારે કદી કરવું નહીં અને અજ્ઞાની લોકો તમારે માટે ગમે તે બોલે અથવા વિચાર બાંધે તેની દરકાર કરવી નહિ સૃષ્ટિના ગૂઢનિયમોનો તમારે પૂરેપૂરો અભ્યાસ કરવો જોઇએ, અને જ્યારે તમને તે નિયમોનું જ્ઞાન થાય ત્યારે તમારે તમારૂં જીવન તે નિયમોને અનુકુળ બનાવવુ જોઇએ અને તેમા પણ તમારે અક્કલ અને વ્યવહારીક જ્ઞાનનો ઉપયોગ કરવો જોઇએ

મહત્વની અને બીનમહત્વની વસ્તુઓ વચ્ચે તમારે વિવેક કરવો જોઇએ જયાં ખરા અને ખોટાની વાત હોય, જયા ન્યાય અને અ-ન્યાયનો સવાલ હોય, ત્યાં ખડકની માફક સ્થીર

રહેવું, અને જ્યાં બીનમહત્વની વાત હોય ત્યાં બીજા કહે તે કબુલ રાખવું. કારણ કે તમારે હમેશાં નમ્ર, માયાળુ, ન્યાયી અને બીજાઓની ઈચ્છાને માન આપનારા થવું જોઈએ; અને જેવી સંપૂર્ણ સ્વતંત્રતાની તમને પોતાને જરૂર છે તેવીજ સંપૂર્ણ સ્વતંત્રતા તમારે બીજાઓને પણ આપવી જોઈએ

કરવાલાયક કામ શું છે તેનો પણ નિર્ણય કરો અને યાદ રાખજો કે કામના નાના અથવા મોટાપણા ઉપરથી તે કરવુ અથવા નહીં કરવું તેનો નિશ્ચય કરવો નહીં. એક મોટું દેખાતું કામ કે જેને જગત્ સારૂં કહેતું હોય તેવા કામ કરતાં એક ન્હાનુ કામ કે જે ગુરૂદેવના કાર્યમાં સિધી રીતે ઉપયોગી થઈ પડે તેવું હોય તો તે કામ ઘણુંજ ઉમદા અને કરવાલાયક છે. તમારે ઉપયોગી અને નિરૂપ-

યોગી કામ વચ્ચે નિર્ણય કરવાનો છે એટલુંજ નહીં પણ વધારે ઉપયોગી અને ઓછા ઉપ-યોગી કાર્યો વચ્ચે પણ વિવેક કરવાનો છે ગરીબ ભૂખે મરતાં લોકોને ખાવાનું આપવું તે સારૂં, ઉમદા અને હિતકર કાર્ય છે, પરંતુ તેઓના શરીરનું પોષણ કરવા કરતાં તેઓના જીવાત્માનું જ્ઞાનથી પોષણ કરવું તે વધારે ઉમદા અને વધારે હિતકર કાર્ય છે. દેહનું પોષણ તો કોઈ પણ શ્રીમત કરી શકશે પણ જીવાત્માનું પોષણ તો માત્ર જ્ઞાની પુરૂષોજ કરી શકશે, માટે જો તમને જ્ઞાન પ્રાપ્ત થયું હોય તો બીજા લોકોને જ્ઞાન પ્રાપ્ત કરવામા સહાયતા કરવી તે તમારો ધર્મ છે

તમે ગમે તેવા બુદ્ધિમાન હશો તોપણ આ પરમપદમાર્ગ પર તમારે ઘણું શિખવાનું રહે છે; એટલું બધું શિખવાનુ છે કે અહિયાં

પણ વિવેકની જરૂર છે, અને તેથી તમારે પ્રથમ શિખવાલાયક શું છે તેનો લક્ષપૂર્વક વિચાર કરવો જોઇએ. સઘળું જ્ઞાન જરૂરનું છે અને એક દિવસે તમને સઘળું જ્ઞાન મળશે; પરંતુ જ્યાંસુધી તમને જ્ઞાનનો થોડોજ ભાગ મળે છે ત્યાં સુધી તો તે ભાગ તમારે એવા પ્રકારનો પસંદ કરવો જોઇએ કે જે તમને સૌથી વધારે ઉપયોગી થઇ પડે. ઈશ્વર જ્ઞાનરૂપ તેમજ પ્રેમરૂપ છે; અને જેમ જેમ તમારામાં જ્ઞાન વધતું જશે તેમ તેમ ઈશ્વરી ભાવ પણ તમારામાં વધારે પ્રગટ થતો જશે માટે અભ્યાસ કરો; પણ પ્રથમ એવી વિદ્યાનો અભ્યાસ કરો કે જે વિદ્યા બીજા લોકોને મદદ કરવામાં તમને બહુજ ઉપયોગી થાય. લોકો તમને જ્ઞાની ગણે અથવા તો તમને જ્ઞાની થવાથી આનંદ પ્રાપ્ત થાય એવા હેતુથી નહીં

પરંતુ માત્ર જ્ઞાની પુરૂષોજ જ્ઞાનપૂર્વક બીજાને મદદ કરી શકેછે એટલા માટે તમે ધીરજથી તમારો અભ્યાસ ચાલુ રાખજો. બીજાને સહાય કરવા તમે ગમે તેટલા આતુર હો, તો પણ જો તમે પોતેજ અજ્ઞાની હો તો બીજાનું સારૂં કરવા જતા તેનુ વધારે નુકશાન કરી બેસશો.

તમારે સત્ય અને અસત્ય વચ્ચે પણ વિવેક કરવો જોઇએ. તમારે મન વાણી અને કર્મ દરેકમા સત્યપરાયણ થવુ જોઇએ

પ્રથમ સત્ય વિચાર કરતા શિખવુ જોઇએ, અને એ કામ કંઇ સહેલુ નથી, કારણકે આ દુનિયામા ઘણા ખોટા વિચારો તથા ઘણા મૂર્ખાઇ ભરેલા વહેમો છે, અને જે માણસ આવા ખોટા વિચારો તથા વહેમોનો ગુલામ બને છે તે પોતાની ઉન્નતિ કરી શકતો નથી. માટે બીજા

ઘણા લોકો અમૂક વિચાર ધરાવેછે, અથવા તો સેંકડો વર્ષોથી તે વિચાર મનાતો આવ્યો છે, અથવા તો મનુષ્યો જેને પવિત્ર માનેછે તેવા પુસ્તકમાં તે વિચાર દર્શાવેલો છે એ ઉપરથી તમારે અમૂક વિચાર ધરાવવો જોઇએ નહીં, પણ તે બાબતનો તમારે પોતે વિચાર કરવો જોઇએ અને તે બાબત યુક્તિયુક્ત-વ્યાજબી-છે કે કેમ તેનો નિર્ણય પણ તમારે પોતાની અક્કલથીજ કરવો જોઇએ. યાદ રાખજો કે એક હજાર માણસો અમૂક બાબતપર એકમત થતા હોય પણ જો તેઓ તે બાબત વિષે કંઈ પણ જાણતા ન હોય તો તેમનો અભિપ્રાય કંઇ કીંમતનો નથી. ગુરૂ-પરંપરાને માર્ગે મુસાફરી કરવાની જેની ઇચ્છા છે તેણે તો પોતાની મેળેજ દરેક બાબત સમજવી જોઇએ કારણકે વહેમ એ જગતમાં પ્રસરેલો મોટામાં મોટો અનર્થ છે. તે એક બેડી છે કે

જેમાંથી તમારે તદ્દન મુક્ત થવું જોઈએ.

બીજા લોકો સબંધી તમારા વિચારો સત્યજ હોવા જોઈએ, તેઓના સંબંધમાં એવા વિચારો તમારે કરવા જોઈએ નહિ કે જે વિષે તમે જાતે કંઈ જાણતા ન હો. એમ નહીં ધારતા કે તેઓ હમેશા તમારેજ વિચાર કરે છે. જો કોઈ માણસ કંઈ એવું કામ કરે કે જે તમને નુકશાનકારક થશે એમ જણાય અથવા તો કોઈ માણસ એવું કંઈ કહે કે જે તમને લાગુ પડતું હોય એમ તમને દેખાય તોપણ "મને નુકસાન કરવાના હેતુથીજ તેણે એમ કરેલું છે" એમ એકાએક મત બાંધશો નહીં. ઘણું કરીને તો તે માણસે તમારા વિષે બીલકુલ વિચાર પણ કર્યો નહિ હોય, કારણકે દરેક જીવાત્માને પોતાનીજ મુશ્કેલીઓ વળગેલી હોય છે અને તેના સઘળા વિચારો મુખ્યત્વે કરીને પોતાનેજ લગતા

હોય છે. જો કોઈ માણસ તમારી સાથે ગુસ્સાથી વાત કરે તો "તે મને ધિક્કારે છે, તે મારૂં દીલ દુભાવવા ઇચ્છેછે" એમ એકદમ માની બેસશો નહિ કદાચ એમ પણ હોય કે કોઇ માણસ અથવા કોઇ બાબતને લીધે તેને ગુસ્સો ચઢયો હોય અને ભોગજોગે તમને મળવાથી તે પોતાનો ગુસ્સો તમ ઉપર કાઢતો હોય એવું તેનું વર્તન મૂર્ખાઈભરેલું છે, કારણકે દરેક પ્રકારનો ક્રોધ મૂર્ખાઈભરેલો છે, પરંતુ તે પરથી તમારે તેને માટે ખોટો વિચાર કરવો જોઇએ નહિ

જ્યારે તમે ગુરૂદેવના એક શિષ્ય થાઓ ત્યારે તો તમારા વિચારોને તેઓશ્રીના વિચારોની જોડમાં મૂકીને તમારા વિચારની સત્યતા તપાસી શકશો કારણકે શિષ્ય તેના ગુરૂદેવ સાથે એક રૂપ થઇ ગયેલો હોય છે, અને તેથી પોતાનો વિચાર ગુરૂદેવના વિચાર સાથે બંધબેસતો

થાય છે કે નહિ તે જોવા માટે તેને માત્ર પોતા-
ના વિચારને ગુરૂદેવના વિચારની જોડે મૂકવા-
નીજ જરૂર હોય છે જો પોતાનો વિચાર ગુરૂ
દેવના વિચાર જોડે મળતો ન થાય તો તે ખોટો
છે એમ સમજી શિષ્ય પોતાનો વિચાર તુરતજ
બદલી નાખે છે; કારણ કે ગુરૂદેવ સર્વ જાણે
છે અને તેથી તેઓશ્રીનો વિચાર હમેશા પ-
રિપૂર્ણ-સત્યજ-હોય છે. જેઓને હજી ગુરૂદેવે
પોતાના શિષ્ય તરીકે કબુલ કરેલા નથી તેઓ
ઉપર જણાવ્યા મુજબ પોતાના વિચારની પ-
રીક્ષા કરી શકશે નહીં; તથાપી તેઓ કંઈપણ
કાર્ય કરતાં પહેલા "શ્રીગુરૂ આવી બાબતમા
કેવો વિચાર ધરાવે? આવા સંયોગમાં શ્રીગુરૂ શું
કરે? અથવા શું કહે?" એમ વિચાર કરવાને
વારંવાર થોભે તો તેઓને પોતાને ઘણો લાભ
થાય. વાસ્તે ગુરૂદેવને જેનો વિચાર કરતા, જે

કહેતા અથવા જે કર્યં કરતા તમે કલ્પી શકો નહીં તે તમારે કદી પણ વિચારવું. કહેવું કે કરવું નહિ.

તમારી વાણીમાં પણ સત્યતા હોવી જોઇએ. તમારા શબ્દો સાચેસાચા અને અતિશયોકતી વગરના હોવા જોઇએ બીજાનો હેતુ. જાણ્યા વગર તેઓ અમૂક હેતુથીજ કામ કરે છે એમ તમારે કદી પણ કહવુ નહિં. માત્ર તેના ગુરૂદેવજ તેના વિચારો જાણે છે અને તમારી કલ્પનામાં પણ ન આવ્યા હોય એવા કારણોથી તે માણુસ કામ કરતો હોય જો તમે કોઇની પણ વિરૂદ્ધ કાંઇ વાત સાભળો તો તે વાત પાછી બીજા લોકોને કહી સંભળાવતા નહિ. કદાચ તે વાત ખરી ન હોય અને ધારો કે ખરી હોય તો પણ તે વિષે એક પણ શબ્દ ન બોલવો તે વધારે માયાળુ વર્તન છે. કંઇ પણ બોલવા

પહેલાં સારી રીતે વિચાર કરજો, નહિ તો વખતે ભૂલભરેલા શબ્દો તમારાથી બોલ ઇ જશે.

તમારા વર્તનમાં પણ તમે સત્યતા રાખજો. તમે જેવા અંદર હો તેથી બાહેર જુદા દેખડવાનો પ્રયત્ન કરશો નહિ; કારણ કે દરેક જાતનો ખોટો ડોળ સત્યના પવિત્ર પ્રકાશને ઢાંકી દેછે, કે જે પવિત્ર પ્રકાશ જેમ સૂર્યનો પ્રકાશ નિર્મળ કાચમાંથી ઝળકી નિકળે છે તેમ તમારામાથી ઝળકી નિકળવો જોઇએ.

સ્વાર્થી અને નિસ્વાર્થી કર્મ વચ્ચે પણ તમારે વિવેક કરવો જોઇએ કારણ કે સ્વાર્થ ઘણા રૂપો ધારણ કરેછે, જ્યારે તમે એમ ધારતા હો કે તેના અમૂક રૂપનો તમે છેવટને નાશ કર્યો છે, ત્યારે પણ તે કાંઈ બીજા રૂપમા તેટલાજ બળથી પ્રકટી નિકળેછે પણ ધીમે ધીમે, બીજાઓને મદદ કરવાનો વિચાર તમારામા એટલો બધો વ્યાપી જશે

કે તમને તમ રા પોતાના સ્વ.થને લગતો વિચાર કરવાનો સમય કે અવકાશ મળશે નહિ.

હજી બીજી પણ એક બાબતમાં તમારે વિવેક કરવા જોઈએ બાહેરથી કોઈ પણ માણસ ગમે તેવો પાપી દેખાતો હોય અથવા કોઈપણ વસ્તુ બાહેરથી ગમે તેવી ખરાબ દેખાતી હોય તો-પણ દરેક પ્રાણી પદાર્થ મા વ્યાપી રહેલા ઇશ્વરને ઓળખી કઢતા શિખો. આ ઇશ્વરી ભાવ તમારામાં તેમજ તમ રા બધુમા સામાન્ય રીતે રહેલો છે, તેના દ્વારા તમે તમારા બધુને-મનુષ્યબંધુને મદદ કરી શકશો. તેનામાં તે ઇશ્વરી ભાવને જાગ્રત કેમ કરવો તથા તે ઇશ્વરી ભાવને સહાયતાને માટે અરજ કેમ કરવી તે શિખો; આ રીતે તમે તમારા બધુને ખોટે માર્ગે જતા અટકાવી શકશો.

---

## ૨

**આ** દુનિયામાં ઘણાં લોકો છે કે જેઓને નિર્વાસના-વૈરાગ્ય-નું સાધન ઘણું કઠીન લાગેછે કારણકે પોતાની મનકામનાઓ એજ પોતાનું જીવન છે એમ તેઓને જણાય છે, અને જો તેઓની ખાસ વાસના ગ્ર એટલે કે ભિન્ન ભિન્ન વસ્તુઓ તરફના તેમના રાગ અને દ્વેષને તેમના પાસેથી લઇ લેવામાં આવે તો જાણે તેમનો જીવજ ખેંચી લેવામાં આવ્યો હોય એમ તેઓને લાગે છે. જે લોકોએ ગુરૂદેવનું દર્શન કરેલું નથી તેમનીજ આવી સ્થીતિ હોય છે. ગુરૂદેવના પવિત્ર સમાગમના પ્રકાશમાં સઘળી વાસનાઓ નાશ પામેછે.

માત્ર ગુરૂદેવના જેવા થવાનીજ શુભ ઇચ્છા બાકી રહે છે. ગુરૂદેવના સમાગમમાં આવવાને ભાગ્યશાળી થાઓ તે પહેલાં પણ જો તમે ધારો તો વૈરાગ્ય પ્રાપ્ત કરી શકો—વાસના રહીત થઇ શકો ખરા વિવેકના સાધને તમને અત્યાર સુધીમાં શિખવ્યું છે કે વૈભવ અને અધિકાર જેવી ચીજો કે જેની મનુષ્ય જાતીનો મોટો ભાગ અભિલાષા ધરાવે છે, તે ચીજો કંઇ બીશાતની નથી, જયારે વૈભવ, અધિકાર વીગેરેના કરતા બીજુ કઇ વધારે કીમતી છે, એમ માત્ર મોઢે બોલવાથીજ નહિ પણ તમારા અંતરમાં ખરેખરી ખાત્રી થાય છે, ત્યારે તેવી ચીજો માટેની સઘળી કામના બંધ પડી જાયછે.

આટલે સુધી તો સઘળું સહેલું છે, માત્ર તમારે આ સઘળું સમજવું જોઇએ એજ જરૂરનું છે. પરંતુ કેટલાક એવા મનુષ્યો છે કે જેઓ સંસારિક વસ્તુઓનો પરિત્યગ તો કરે છે પણ તેમાં

તેમનો હેતુ સ્વર્ગ મેળવવાનો અથવા તો જન્મ મરણમાંથી મુક્ત થવા નોજ હોયછે, પણ આવી જાતની ભૂલ તમારે તો કરવીજ નહિ. જો તમે તમારા અંહભાવને તદ્દન ભૂલી જાઓ એટલે કે તમારામ "હું" એવું કંઇ રહેજ નહિ, તો પછી તમે ક્યારે મુક્ત થશો અથવા તમને કવી જાતનુ સ્વર્ગ મળશે એ તમારે વિચારવા નું રહેશે નહિ યાદ રાખજો કે દરેક જાતની સ્વર્થી મનકામના ઓ, ગમે તેવા ઉત્તમ હેતુવાળી હોય, તોપણ બન્ધનકરક છે. જ્યાંસુધી તમે તેનાથી મુક્ત ન થાઓ ત્યાંસુધી ગુરૂદેવના કાર્યમા તમે તમારી જાતને પૂરેપૂરી રીતે અર્પણ કરી શકશો નહિ

જ્યારે સ્વાર્થને લગતી સઘળી વાસનાઓ નાશ પામે ત્યાર પણ તમારા કાર્યનું પરિણામ જોવાની આશા રહે ખરી. જો તમે કોઇને મદદ કરોછો તો તમે તેને કેટલી સહાયતા આપીછે

તે જોવાને આતુર રહોછો. કદાચ તમે એમ પણ ઇચ્છોછો કે તે મનુષ્ય પણ તમારી મદદથી તેને પોતાને શું લાભ થયો છે તે જુએ અને તમારો ઉપકાર માને આ પણ વાસનાજ છે, અને સાથે કર્મના નિયમમાં અવશ્ય મ પણ છે જયારે તમે બીજાને સહાયતા કરવા માટે તમારી શક્તિનો ઉપયોગ કરોછે. ત્યારે તમે જોઇ શકો કે ન જોઇ શકો તોપણ તેનું કંઇનિકંઇ પરિણામ તો આવે છેજ જો તમે કર્મનો મહાન્ નિયમ જાણતા હો તો આનુ અવુ પરિણામ આવવુંજ જોઇએ એમ તમે જાણોછો માટે બદલની આશા રાખ્યા સિવાય માત્ર સત્યનેજ ખાતર તમારે સત્ય વર્તન કરવું જોઇએ, કર્મનું ફળ જોવની અશા રાખ્યા સિવાય, માત્ર કામ કરવાનેજ ખાતર તમારે કામ કરવું જોઇએ. તેજ પ્રમાણે તમને જનસેવા પ્રિય છે, એટલુંજ નહિ પણ જનસેવામાં તમે તમારી

જાતને અર્પણ કર્યા વિના રહી શકો તેમ નથી એટલા માટે તમારે સેવા ધર્મ સ્વીકારવો જોઈએ.

સિદ્ધિઓ પ્રાપ્ત કરવાની ઇચ્છા તમારે રાખવી નહિ સિદ્ધિઓથી તમને ઘણો લાભ થશે એમ જ્યારે ગુરૂદેવને લાગશે ત્યારે સિદ્ધિઓ પોતાની મેળે તમને આવી મળશે. કવખતે તે મેળ-વવા માટે પ્રયત્ન કરવાથી ઘણી વખત બહુ કલેશ અને સંકટ આવી પડે છે ઘણીવાર આવો માણસ મોહ ઉત્પન્ન કરનારા ક્ષુદ્રદેવતાઓથી આડેમાર્ગે દોરાય છે, અથવા તો તે અભિમાની બની જઇ, પોતે કદી ભૂલ કરેજ નહિ એમ માની બેસે છે. કોઈપણ રીતે એટલું તો ખરૂ જ છે કે આ સિદ્ધિ-ઓની પાછળ જે કાળ અને શકિત વાપરવા પડેછે તેનો ઉપયોગ જનસેવામાં સારો થઈ શકે જ્યારે તમે ઉન્નતિક્રમમાં આગળ વધશો ત્યારે તે સિદ્ધિઓ પોતાની મેળે તમને પ્રાપ્ત થશે.

તેઓને તમારી પાસે આવ્યા વિના છૂટકોજ નથી; અને જો ગુરૂદેવને જણાશે કે સિદ્ધિઓ તેવો વખત આવ્યા પહેલાં મળવાથી તમને વધારે લાભ થશે તો તે નિર્ભયરીતે કેવી રીતે મેળવવી તે તેઓશ્રી તમને બતાવશે. આવો વખત આવે ત્યાંસુધી તો સિદ્ધિ વગરના રહેવું તે તમારે માટે વધારે સારૂ છે.

હમેશના વ્યવહારમાં જે કેટલીક નાની નાની વાસનાઓ સાધારણ રીતે માલમ પડેછે તેનાથી પણ તમારે સાવધ રહેવું. લોકોમાં દીપી નિકળવાની અથવા ચતુર દેખાવાની ઇચ્છા કદી કરશો નહિ: બોલવા માટે પણ આતુર રહેશો નહિ. થોડુ બોલવું એ સારૂં છે, અને તેના કરતાં પણ તમે જે કંઇ કહેવા માંગોછો તે સત્ય પ્રિય અને હિતકારક છે એવી તમારી પૂરેપૂરી ખાત્રી ન થાય ત્યાં સુધી કંઇપણ નહિ બોલવું તે વધારે ઉત્તમ છે.

કંઈ પણ બોલવા પહેલાં, તમે જે કહેવા માગો છો તેમા ઉપર બનાવેલા ત્રણ ગુણો છે કે નહિ તેનો સાવચેતીથી વિચાર કરજો, જો એ ગુણો તેમાં ન હોય તો મૂગ જ બેસી રહેજો.

બોલવા પહેલાં સાવધપણે વિચાર કરવાની ટેવ હમણાંથી પાડવી તે વધારે સારી છે, કારણ કે જ્યારે તમે જ્ઞાનનાં દ્વાર ઉઘાડનારી 'દીક્ષા" લેવાની સ્થીતિએ પહોંચશો ત્યારે એને બહાર સાધારણ લોકોને નહિ કહેવા જેવી વાત તમારા મોમાંથી નીકળી જાય, એટલા માટે તમારે તમારા દરેક શબ્દપર ધ્યાન રાખવું પડશે સામાન્ય રીતે જે વાતચીત કરવામાં આવેછે તેમાંની ઘણીખરી તો નકામી અને મૂર્ખાઈભરેલી હોયછે; અને જ્યારે તે બીજા માણસની નિંદાની વાત હોય છે ત્યારે તો તે પાપરૂપજ છે. માટે બોલવા

કરતાં સાંભળવાનીજ ટેવ પાડો; જ્યાંસુધી તમને ખુલ્લી રીતે પૂછવામાં ન આવે ત્યાં સુધી તમારે તમારો અભિપ્રાય કહી આપવો નહિ. મુમુક્ષુને ગ્રહણ કરવાલાયક સાધનો એક ઠેકાણે આ પ્રમાણે દેખાડવામા આવ્યાછે. જાણવું, નિર્ભયપણે વર્તવું, દૃઢસંકલ્પ કરવો, અને મૌન રાખવું; આ ચારમાનું છેલ્લું સાધન સૌથી કઠીન છે.

બીજા લોકોના કામમાં માથું મારવાની ઇચ્છા પણ જગતમાં સાધારણ રીતે જોવામા આવેછે; આ ઇચ્છાને પણ તમારે મજબૂતીથી દાબી દેવી જોઇએ. બીજો માણસ શું કરે છે, કહેછે અથવા માન્યતા ધરાવેછે તેની સાથે તમને કંઇપણ સંબંધ નથી, અને તમારે તેને તેની મરજી મુજબ કરવા દેવું જોઇએ. જ્યાંસુધી તે માણસ બીજા કોઇની

વચ્ચે આવતો નથી ત્યાંસુધી તેને કર્મ, વાણી અને વિચારમાં સ્વતંત્રતા ભોગવવાનો સંપૂર્ણ હક્ક છે. તમને વ્યાજબી લાગે તે કરવાની સ્વતંત્રતા તમે તમારા પોતાને માટે માગોછો, તો તેજ સ્વતંત્રતા તમારે તે માણસને પણ આપવી જોઇએ; અને જ્યારે તે તેની સ્વતંત્રતાનો ઉપયોગ કરતો હોય ત્યારે તેને વિષે વાત કરવાનો તમને બીલકુલ અધિકાર નથી

અમૂક માણુસ ખોટું કરેછે એમ જો તમને લાગે અને જો ખાનગી રીતે અને ઘણી સભ્યતાથી તમારો વિચાર તેને કહી બતાવવાની તક તમે મેળવી શકો, તો એ સંભવિત છે કે તમે તેને સમજાવી શકો; પરંતુ ઘણા એવા સંજોગો હોય છે કે જેમાં એ પ્રમાણે કરવું તે પણ અયોગ્ય રીતે વચ્ચે આવવા જેવું ગણાય. ગમે તેમ થાય તોપણ

તમારે ત્રીજા માણુસ પાસે જઈને તેની નિંદા તો કરવીજ નહિ, કારણુ કે તે તો ઘણુંજ દુષ્ટ કર્મ છે.

જો કોઇ બાલક અથવા પશુઉપર ઘાતકીપણું ગુજરતુ તમે જુવો તો તે અટકાવવા વચ્ચે પડવું તે તમારો ધર્મ છે. જો કોઇ માણસને દેશના કાયદાનો ભંગ કરતાં તમે જુઓ તો તમારે યોગ્ય અધિકારીઓને ખબર આપવી જો કોઇ માણસને શિખવવાનું કામ તમને સોપવામા આવ્યું હોય તો માયાળુપણે તેને તેના દોષો બતાવવા તે તમારૂં પોતાનું કર્તવ્ય ગણાય. આવા પ્રસંગો સિવાય તમારે તમારૂં કામ સંભાળવું અને મૌન રહેવાનો સદ્ગુણ ખીલવવો.

---

## ૩

સદાચાર અથવા ષટ્સંપત્તિના છ અંગો જે ખાસ જરૂરનાં છે તે ગુરૂદેવે નિચે મુજબ આપેલાં છે—

૧. મનનો નિગ્રહ—( મન ઉપરનો કાબુ ).
૨. કર્મનો નિગ્રહ.
૩. સહનશીલતા.
૪ ચિત્તની પ્રસન્નતા ( આનંદી સ્વભાવ )
૫. એકાગ્રતા.
૬. શ્રદ્ધા

(ચાર સાધનોનાં નામોની માફક આ છ અંગોમાંના કેટલાંએકને જુદાં નામો આપવામાં આવેલ છે તે હું જાણું છું. પરંતુ ગુરૂદેવે મને સમજાવતી વખતે જે નામો વાપર્યાં હતાં તેજ

નામનો ઉપયોગ હું અત્રે દરેક બાબતમાં કરૂં છું)

૧. મનનો નિગ્રહ (મનઉપરનો કાબુ).–વાસના-શરીરને નિયમમા રાખવું જોઇએ એમ નિર્વાસનાનુ સાધન જણાવે છે; તેજ પ્રમાણે માનસિક શરીરને નિયમમા રાખવાનુ આ મનના નિગ્રહ ઉપરથી સમજાય છે. મનનો નિગ્રહ એટલે સ્વભાવ, મન અને જ્ઞાનતંતુઓ ઉપરનો કાબુ. તમને ગુસ્સે થતા અને અધિરા બનતા અટકાવવા માટે સ્વભાવ ઉપર કાબુ; તમારા વિચારો હમેશાં શાંત અને સ્થિર રહે તેને માટે મનનો પોતાના-પરનો અંકુશ, અને જ્ઞાનતંતુઓ જેમ બને તેમ ઓછા ઉશ્કેરાય તે માટે મન દ્વારા તેઓનો પણ નિગ્રહ. જ્ઞાનતંતુઓને નિયમમાં રાખવાનું આ છેલ્લું કામ કઠીન છે, કારણકે જ્યારે તમે પરમપદમાર્ગ પર પ્રવેશ કરવાનો પ્રયત્ન કરો છો ત્યારે તમારા શરીરને તીવ્ર લાગણીવાળું બના-

ચ્યા સીવાય તમારો છુટકો નથી; અને તેથી જ્ઞાનતતુંઓ કંઇ અવાજ અથવા આંચકાથી તુરતજ બેચેન અને અસ્વસ્થ થાય છે; અને કોઇ પણ જાતના દબાણથી વિશેષ પીડાય છે પરંતુ આવી સ્થીતિમાં તમારે તમારાથી બનતું કરવું.

શાંત મન ધૈર્ય પણ સૂચવેછે કે જેથી ગુરૂમાર્ગની કસોટીઓ અને સંકટોની સામે તમે નિર્ભયપણે ઉભા રહી શકો શાંત મનમાં સ્થિરતાનો પણ સમાવેશ થાયછે, કે જેથી દરેક મનુષ્યની જીંદગીમા આવી પડતી વિપત્તિઓને તમે નજીવી લેખો. અને જેમ ઘણા લોકો જરા જેવી બાબતોની નિરંતર ચિંતા કરવામાં પોતાનો ઘણો વખત ગુમાવેછે તેવી ચિંતાથી તમે દુર રહો. શ્રીગુરૂ કહે છે કે એક માણુસને બહારથી જે કાંઇ આવી પડે તેની તેણે દરકાર

કરવી નહિ; શોક, સંકટ, માંદગી કે નુકસાન આ સર્વને તેણે તૃણવત્ ગણવાં, અને આ સર્વને લીધે પોતાના મનની શાંતિનો ભગ થવા દેવો નહિ આ શોક, સકટ વીગેરે પૂર્વ કર્મનું ફળ છે, અને જ્યારે આવા દુઃખો આવી પડે ત્યારે તમારે તે પ્રસન્ન મનથી સહન કરવાં. તમારે યાદ રાખવુ કે સઘળા કષ્ટો ક્ષણિક છે અને તમારો ધર્મ તો હમેશા પ્રસન્ન અને શાંત રહેવાનો છે. આ સઘળી વિપત્તિઓ આ જન્મ સાથે નહિ પણ તમારા આગલા જન્મોની સાથે સંબધ ધરાવનારી છે. તમે તેને કોઇ રીતે ફેરવી શકશો નહિ, માટે તેને માટે ચિંતા કરવી નકામી છે. આના કરતા હાલ તુરત તમે શુ કરોછો તેનોજ વિચાર કરો, કારણ કે તેના ઉપર તમારી આવતી જીંદગીના બનાવોનો આધાર છે અને તેમાં ફેરફાર કરવાને તો તમે

શકિતવાન છો.

તમારે કદી પણ શોક અથવા ઉદાસીનતાને વશ થવું નહિ. ઉદાસીનતા પાપરૂપ છે કારણકે તે ચેપીરોગની માફક બીજા લોકોના ઉપર પણ અસર કરેછે અને તેઓનું જીવીત વધારે દુખી બનાવેછે; આમ કરવાનો તમને બીલકુલ અધિકાર નથી માટે જો કોઇ પણ વખતે તમારા પર ઉદાસીનતા આવી પડે તો તેને તમે તુરતજ દુર કરજો

હજી એક બીજી રીતે તમારે તમારા મન ઉપર અંકુશ રાખવા, તમારે તેને આમતેમ ભટકવા દેવું નહિ. તમારે જે કઇ કરવું હોય તે એકાગ્ર ચિત્તથી કરો; આમ કરવાથી તે કામ સંપૂર્ણ રીતે થશે તમારા મનને નિરૂદ્યમી થવા દેવું નહિ, પણ હમેશાં શુભ વિચારોને તેના એવા કોઇ ભાગમાં ભરી રાખવા કે જેથી જ્યારે

તે કોઇ પણ કામમાંથી પરવારે કે તુરતજ તે વિચારો તેની સામે આવી ઉભા રહે.

હમેશાં શુભ કર્મોમા તમારી વિચાર શકિતનો ઉપયોગ કરો, અને વિશ્વની ઉન્નતિ માટે કામ કરતી અનેક શકિતઓમાંની એક શકિતરૂપ થાઓ. કોઇ માણસ શોકમાં, દુઃખમાં અથવા સહાયતાની જરૂરમા છે એમ તમે જાણતા હો તેવા કોઇ એકાદ માણસ સંબધી હરરોજ વિચાર કરો અને તેના તરફ તમારા પ્રેમનો પ્રવાહ મોકલતા રહો.

તમારા મનને અભિમાનથી દૂર રાખો કારણકે અભિમાન અજ્ઞાનતાનુંજ પરિણામ છે. જે માણસ અજ્ઞાની હોયછે તે પોતાને મોટો સમજે છે અને આ અથવા પેલું મોટું કાર્ય પોતે કરેલું છે એમ ધારેછે, પણ જ્ઞાની પુરૂષ તો જાણેછે કે ઇશ્વરજ મોટો છે અને સઘળાં સારાં કામો

તેનીજ શક્તિથી થાયછે.

૨. કર્મનો નિગ્રહ—જો તમારા વિચારો જેવા જોઈએ તેવા હશે તો તમારા આચરણના સંબંધમાં તમને વધારે મુશ્કેલી પડશે નહિ. પણ આ ઠેકાણે યાદ રાખવુ જોઈએ કે મનુષ્ય જાતિનું ભલું કરવા માટે માત્ર વિચારથીજ ન અટકતાં તે વિચારને કાર્યનું રૂપ આપવું જોઇએ. જરા પણ આલસ્ય નહિ કરતા શુભ કર્મમાં ચાલુ પ્રવૃત્તિજ રાખવી જોઇએ પણ તેમ કરતા તમારે માત્ર તમારી પોતાનીજ ફરજ બજાવવી; અને બીજાના કર્તવ્યમાં માથું મારવુ નહિ. બીજાને કરવાનું કામ જો તમારે કરવું પડે તો માત્ર તેની રજાથી અને તેને સહાયભૂત થવાના હેતુથીજ કરવુ દરેક મનુષ્યને તેનું પોતાનું કામ તેની પોતાનીજ રીતે કરવા દો; જ્યાં તમારી મદદ માંગવામાં આવે ત્યાં મદદ કરવા હમેશાં

તૈયાર રહો ; અને કદીપણુ બીજાના કામમાં વચ્ચે આવતા નહિ. આ દુનીયામાં પોતાનાજ કામમાં ધ્યાન આપતાં શિખવાનું ઘણા લોકોને અત્યંત કઠીન લાગેછે, પરંતુ તમારે તો બરોબર તેમજ કરતાં શિખવું.

તમે વધારે મહત્વનુ કાર્ય માથે લેવા પ્રયત્ન કરોછો તેથી તમારે તમારી સામાન્ય ફરજોને ભૂલી જવી નહિ. જ્યાસુધી આ ફરજો પૂર્ણપણે બજાવો નહિ ત્યાસુધી તમે બીજી સેવાઓ સ્વીકારવાને સ્વતંત્ર નથી. તમારે કોઇપણ નવી સાસારિક ફરજો માથે લેવી નહિ, પણ જે ફરજો અત્યાર સુધીમાં તમે વ્હોરી લીધીછે તે તો પૂરેપૂરી રીતે તમારે બજાવવી , પણ જેને સ્પષ્ટ અને વાજબી ફરજો તરીકે તમે માન્ય રાખતા હો તેવી ફરજોજ તમારે બજાવવાની છે, નહિ કે કલ્પિત ફરજો કે

જે બીજા લોકો તમારા ઉપર નાખવાનો પ્રયત્ન કરતા હોય. જો તમે ગુરૂદેવના શિષ્ય થવા ઇચ્છતા હો તો તમારે હમેશનાં સાધારણ કર્મો પણ બીજાઓના કરતા વધારે ખરાબ રીતે નહિ પણ વધારે સારી રીતે કરવાં જોઇએ, કારણકે આ કર્મો પણ તમારે ગુરૂદેવનીજ ખાતર કરવાનાં છે.

૩. **સહનશીલતા.**—તમારે સર્વ તરફ સંપૂર્ણ રીતે સહનશીલ થવું, અને તમારા પોતાના ધર્મની માન્યતાઓની માફક બીજા ધર્મના લોકોની માન્યતાઓમા પણ ખરાદીલથી ઉત્સાહ ધરાવવો; કારણકે તેઓનો ધર્મ પણ તમારા ધર્મનો માફક પરમપદ મેળવવાનોજ એક માર્ગ છે. સર્વને મદદ કરવા માટે સર્વ સિદ્ધાન્તો બરાબર સમજવાં એ તમારે માટે જરૂરનું છે.

પણ આવી પૂર્ણ ઉદારવૃત્તિ અને સહનશીલતા પ્રાપ્ત કરવા માટે પ્રથમ તો તમારે પોતાને વહેમ અને ધર્માંધપણાથી મુક્ત થવું જોઇએ આ વાત જાણવી જોઇએ કે ધર્મનો કોઇપણ બાહ્ય ક્રિયાઓ જરૂરની નથી; નહિ તો જે માણુસો તેવી ક્રિયાઓ નહિ કરતા હોય તેઓના કરતાં એવી ક્રિયા કરનારાઓ પોતાને વધારે ઉચ્ચ ગણશે તેમજ જે લોકો હજી બાહ્યક્રિયાને વળગી રહ્યા હોય તેમને તેટલા માટે ધિક્કારવા નહિ. તેમને તેઓની ઇચ્છા પ્રમાણે વર્તવા દો; માત્ર તેઓએ, તમે કે જેને સત્યદર્શન થયું છે તેમની વચ્ચે આવવું નહિ; એટલે કે જે સ્થીતિ તમે પસાર કરી ગયાછો તેમાં તેઓએ બળાત્કારથી તમને પાછા ઘસડવાનો પ્રયત્ન કરવો જોઇએ નહિ. દરેક બાબતમાં ઘટતી છુટ મૂકો અને સઘળા સાથે

માયાળુપણે વર્તો

હવે તમારી આંખો ઉઘડી છે, તેથી તમારી કેટલીક જુની માન્યતાઓ અને જુની બાહ્યક્રિયાઓ તમને અર્થવગરની લાગશે; કદાચ ખરેખર તે એવીજ છે. જો કે હવે તમે તેમાં વધારે વખત ભાગ લઈ શકશો નહિ, તોપણ જે સાત્વિક જીવોને માટે હજી તેવી ક્રિયાઓ જરૂરની છે તેવા જીવોને ખાતર તમારે તે ક્રિયાઓને માન આપવું. આ વિશ્વમાં આવી ક્રિયાઓને માટે સ્થાન છે અને તેનો ઉપયોગ પણ છે તમે જ્યારે બાળક હતા ત્યારે બે લીટીઓ વચ્ચે સીધા અને એક સરખ અક્ષરો લખવાને શિખતા હતા, ને પછી જ્યારે તમે તે લીટીઓની મદદ વગર વધારે સારીરીતે અને છૂટે હાથે લખવા માંડયું એટલે તેવી બેવડી લીટીઓની તમને જરૂર રહી નહિ. તેવીજ રીતે આ બાહ્ય-

ક્રિયાઓની પણ ચોક્કસ ઉન્નતિએ પહોંચ્યા પછી વધારે વખત જરૂર રહેતી નથી એક કાળ એવો હતો કે જ્યારે તમને એ ક્રિયાઓની જરૂર હતી, પણ હવે તે વખત વીતી ગયો છે.

એક સ્થળે એક મહાન્ સદ્ગુરૂએ લખ્યું છે કે "જ્યારે હું બાલક હતો ત્યારે 'બાલકની માફક બોલતો, બાલકની માફક સમજતો, અને વિચાર પણ બાલકની માફક કરતો પણ જ્યારે હુ પુખ્ત ઉમરનો થયો ત્યારે મેં બાલક્રીડાઓને બાજુએ મૂકી દીધી." પરંતુ જે પુરૂષ પોતાની બાલ્યાવસ્થા ભૂલી ગયોછે અને બાલકો તરફ પોતાની દીલસોજી બતાવી શકતો નથી તે પુરૂષ બાલકોને શિખવી કે મદદ કરી શકતો નથી. માટે સર્વ સાથે પ્રેમથી, નમ્રતાથી અને સહનશીલતાથી એકસરખી રીતે વર્તો, પછી ભલે તે હીંદુ હોય કે બાધ હોય, જૈન હોય કે

યાહુદી હોય, ખ્રીસ્તી હોય કે મુસલમાન હોય

૪. **ચિત્તની પ્રસન્નતા** (આનંદી સ્વભાવ):- તમારે તમારૂ 'કર્મ' ગમે તેવું હોય તોપણ આનંદ સાથે સહન કરવું જોઇએ જયારે તમારા ઉપર દુ ખ આવી પડે ત્યારે તમને પોતાને ભાગ્યશાળી સમજવા; કારણકે તે દુઃખ સૂચવેછે કે કર્મ દેવતાઓ તમને મદદ આપવા લાયક ગણેછે તે દુઃખ ગમે તેવું કઠીન હોય તોપણ તમારે આભાર માનવો કે તે છે તેથી વધારે કઠીન નથી. યાદ રાખજો કે જયાંસુધી તમારૂ ખરાબ કર્મ ભોગવાઈ ન રહે અને તમે મુક્ત ન થાઓ ત્યાંસુધી તમે ગુરૂદેવના કાર્યમાં ઘણાજ થોડા ઉપયોગી થાઓછો. તમે તમારી જાતને ગુરૂદેવને અર્પણ કરીને માગી લીધું છે કે તમારા કર્મોનો જલદીથી ક્ષય થાય; આથી કરીને જે કર્મ પૂરેપૂરૂં ભોગવી લેવાને તમને સો જન્મ લાગતે તે હવે તમે એક અથવા

બે જીંદગીમાં ભોગવી લ્યોછો. પણ આવી સ્થિતિનો ઉત્તમ લાભ લેવા માટે તમારે તે ખુશીથી અને પ્રસન્નચિત્તથી સહન કરવું જોઇએ.

વળી એક બીજી બાબત પણ ધ્યાનમાં રાખો તમારે સઘળી જાતની મમતા છોડી દેવી બનવા જોગ છે કે તમારી વહાલામાં વહાલી ચીજ અથવા પ્રિયમાં પ્રિય માણસને પણ કર્મ તમારી પાસેથી લઇ લે. આવે વખત પણ તમારે તો આનંદમાંજ રહેવું; અને સર્વસ્વ જવાનુ થાય તો તેને માટે પણ તૈયાર રહેવું. ઘણીવાર ગુરૂદેવ પોતાના સેવકદ્વારા બીજાઓ ઉપર પોતાની ઉત્તેજક શક્તિ મોકલવાની જરૂર ધારે છે; પણ તેવે વખતે જો સેવક ઉદાસીનતામાં પડેલો હોય તો ગુરૂદેવ પોતાનું કામ તેના દ્વારા કરી શકતા નથી માટે હમેશા આનંદી રહેવાનો નિયમ રાખવો.

૫. એકાગ્રતા —તમારે ગુરૂદેવનુ કાર્ય કરવાનુ છે, એ એક બાબત ઉપર તમારે હમેશાં લક્ષ રાખવું બીજુ ગમેતે કામ કરવાનું તમારાપર આવે તોપણુ આ ઉપરની બાબત તો તમારે કદીપણ ભૂલવી નહિ ખરૂં જોતાં તો બીજું બહારનું એવુ કંઈ કામ તમારી આડે આવશેજ નહિ. કારણકે જે બીજાને મદદરૂપ અને નિ:સ્વાર્થી કામ છે ત ગુરૂદેવનુજ કાર્ય છે અને તે તમારે તેઓશ્રીને ખાતર કરવાનું છે. તે કામ કરતી વખતે તેના દરેક ભાગપર તમારે પૂર્ણ લક્ષ આપવું, કે જેથી તે કાર્ય તમારાથી બને તેટલું ઉત્તમ થવા પામે. આગળ જણાવેલા ગુરૂદેવે વળી લખ્યું છે કે "તમે જે કંઇ કામ કરો તે મનુષ્યોને માટે કરવાનુ છે એમ નહિ સમજતાં, ઇશ્વરનેજ ખાતર કરવાનું છે એમ સમજીને ખરાદીલથી કરો" ગુરૂદેવ પોતેજ હમણા તમારૂં કામ જોવા

પધારવાના છે એમ તમે જાણતા હો તો તે કામ તમે કેવી રીતે કરો તેનો વિચાર કરો; તેવાજ રીતે તમારે તમારૂં સઘળું કામ કરવું જોઇએ જેઓ વધારે જ્ઞાની હશે તેઓ ઉપર જણાવેલા ગુરૂવાક્યનો અર્થ વધારે સારી રીતે સમજશે. આ વચન જેવુ એક વધારે પ્રાચીન વચન છે કે "જે કામ તારા હાથમાં આવે તે તારી સંપૂર્ણ શકિતથી કરજે"

એકાગ્રતાનો એવો પણ અથ થાયછે કે જે ગુરૂમાર્ગ ઉપર તમે પ્રવેશ કરેલો છે ત્યાંથી કોઇ પણ કારણસર કોઇપણ વખતે એક પળ પણ તમારે પાછા હઠવું નહિ. કોઇપણ જાતનો લાલચ, કોઇપણ પ્રકારનું દુનીયાદારીનું સુખ કે કોઇપણ રીતની સાંસારીક પ્રીતિથી તમારે તમારો માર્ગ છોડી બીજી દિશામાં દોરાવું નહિ. એટલે કે તમારે તે ગુરૂમાર્ગની સાથે

એક રૂપજ થઈ જવું આ ઐક્યતા એટલે દરજ્જે તમારામાં સ્વભાવિક થવી જોઈએ કે તમે તે માર્ગે જાઓછો એવો વિચાર કર્યા સિવાય પણ તમે તેજ માર્ગે ચાલ્યા જાઓ અને ત્યાંથી આડે માર્ગે જઈ શકો નહિ તમે એટલે કે તમારાનાં રહેલા ઈશ્વરી અંશે આ માર્ગે મુસાફરી કરવાનો નિશ્ચય કર્યો છે, હવે તે માર્ગ છોડી દેવો તે તમારા ઈશ્વરી અંશને એટલે તમને પોતાને છોડી દેવા જેવું છે.

૬ **શ્રદ્ધા.**–તમારે તમારા **ગુરૂદેવમાં** શ્રદ્ધા અને તમારા પોતાનામાં વિશ્વાસ રાખવો. જો તમને **ગુરૂદેવના** દર્શન થયાં હશે તો તમે અનેક જન્મો સુધી તેઓશ્રીમા સંપૂર્ણ શ્રદ્ધા રાખશોજ જો તમને તેઓશ્રીના દર્શન નહિ થયાં હોય તોપણ તેઓ તમારી સમીપજ હોય એવું સમજવા પ્રયત્ન કરવો–સાક્ષાત્કાર

કરવા મથવુ અને તેઓશ્રી ઉપર શ્રદ્ધા રાખવી; કારણકે જો તમે એમ ન કરો તો ગુરૂદેવ પણ તમને મદદ કરવા શકિતવાન થશે નહિ. જ્યાંસુધી સપૂર્ણ શ્રદ્ધા ન હોય ત્યાંસુધી તેમના પ્રેમ અને પ્રભાવનો પૂર્ણ પ્રવાહ વહી શકશે નહિ

તમારે તમારા પોતાનામા વિશ્વાસ રાખવો. શું તમે એમ કહોછો કે તમે તમને પોતાને ઘણી સારી રીતે ઓળખોછો? જો તમને એમજ લાગતું હોય તો જાણજો કે તમે તમને પોતાને ઓળખતાજ નથી. તમે જેને ઓળખો છો તે તો નબળું બહારનું આવરણ-પચ ભૂતનું પુતળુંજ છે; અને તે ઘણી વખત કીચડમા લપટાયું છે. પણ તમે પોતે તો ઈશ્વર રૂપ અગ્નિના એક વિસ્ફુલિંગ એટલે કે અશ છો, ઇશ્વર કે જે સર્વ શકિતમાન્ છે તેજ ઈશ્વર

તમારામાં છે, અને એ કારણુસર આ વિશ્વમાં એવું કંઇ પણ નથી કે જે તમે દૃઢ નિશ્ચય કરો તો કરી શકો નહિ તમે તમને પોતાને કહો કે "જે કંઇ એક મનુષ્યે કરેલું છે તે બીજો પણ કરી શકે. હું પણ એક મનુષ્ય છું, મનુષ્ય છું એટલુંજ નહિ પણ મનુષ્યના હ્રદયમા વસતો ઇશ્વર છું; માટે હું આ કામ કરી શકીશ અને કરીશજ." કારણકે જો તમે આ ગુરૂ માર્ગપર પ્રવાસ કરવા ઇચ્છતા હો તો તમારે તમારી ઇચ્છાશકિતને ઉત્તમ પાણી પાયેલી ગજવેલ (પોલાદ) જેવી દૃઢ બનાવવી જોઇએ.

---

૪

સઘળાં સાધનોમાં પ્રેમ સર્વથી વધારે અગત્યનુ સાધનછે કારણકે જો તે કોઇ મનુષ્યમાં પુરતો પ્રબળ હોયછે તો તે તેને બીજા સાધનો પણ પ્રાપ્ત કરાવેછે અને આ વિના બીજા સઘળા સાધનો સર્વદા અપૂર્ણજ રહેછે. સાધારણ રીતે આ સાધન જન્મમરણના ફેરામાંથી મુક્ત થવાની અને ઇશ્વર સાથે એકતા પામવાની તીવ્ર વાસના એટલે કે મુમુક્ષુતાના નામથી ઓળખાયછે. પણ આ સાધનને આવા સંકુચિત રૂપમાં મુકવું તે કાંઇક સ્વાર્થીપણું સૂચવેછે, અને તેમાં પૂરેપૂરો અર્થ સમાઇ જતો નથી. કોઇપણ જાતની વાસના અથવા કામનાને બદલે આ ગુણ ઇચ્છાશક્તિ, નિશ્ચય અથવા સંકલ્પ

સૂચવેછે. તેનુ ધારેલું ફલ લાવવામાટે તમારૂં આખું અંગ તે નિશ્ચય અથવા સંકલ્પથી એવી રીતે ભરી નાખવું જોઇએ કે પછી બીજી કોઇ લાગણી માટે અવકાશજ ન રહે આ નિશ્ચય ઇશ્વર સાથે એક થવાનો છે અને તે પણ જીંદગીના દુઃખ અને કંટાળાથી મુકત થવાના હેતુથી નહિ. પણ ઇશ્વર ઉપરના તમારા અગાધ પ્રેમને લીધે તેની સાથે રહીને તેના જેવા કામો કરો એવા હેતુથી હોવો જોઇએ. ઈશ્વર કેવલ પ્રેમરૂપ છે તે કારણ સર તમે પણ તેની સાથે એક થવા માંગતા હો તો તમારે પોતાને તદ્દન નિઃસ્વાર્થી અને પ્રેમમય થવુ જોઇએ

તમારા દરરોજના વ્યવહારમા આ પ્રેમ બે રૂપે દેખાવો જોઇએ; પહેલું તો કોઇ પણ સજીવ પ્રાણીને ઇજા ન થાય એવી સંભાળ રાખવી અને બીજું એ કે કોઇને મદદ કરવાનો પ્રસંગ હમેશાં

શોધતા રહેવું.

પ્રથમ પ્રાણી માત્રને ઇજા નહિ કરવાનો વિચાર હાથમા લઇએ. નિંદા, નિર્દયતા અને વહેમ એ ત્રણ પાપોએ બીજી સઘળી જાતના પાપો કરતાં આ દુનીયામા વધારે હાની કરેલી છે, કારણકે તે ત્રણે પ્રેમની વિરૂદ્ધના પાપકર્મો છે. જે મનુષ્યને ઇશ્વરના પ્રેમથી પોતાનું હ્રદય ભરવાની ઇચ્છા છે તેણે આ ત્રણે પાપોથી નિરંતર ચેતતા રહેવું.

નિંદા શું શું કરે છે તે જુઓ. કોઇના વિષે ખરાબ વિચાર સાથે તે શરૂ થાયછે, અને કોઈ વિષે ખરાબ વિચાર ધરાવવો એજ એક ગુન્હો છે કારણકે દરેક મનુષ્યમાં અને દરેક વસ્તુમાં ગુણ તેમજ અવગુણ રહેલા છે. એમાંથી કોઇને પણ આપણા વિચારથી મજબુતી આપી શકીએ અને તેમ કરીને જગતના ઉન્નતિક્રમને મદદ

કરી શકીએ અથવા તેમાં વિઘ્ન નાખી શકીએ; એટલે કે આપણે પરમેશ્વરની ઇચ્છાને અનુસરીને ચાલી શકીએ અથવા તેનાથી વિરૂદ્ધ વર્તન પણ કરી શકીએ. બીજાના દોષનો વિચાર કરતા રહ્યાથી ત્રણ અધમ કામો તમે એકીવેળાએ કરોછો:

(૧) તમારી ચારે બાજુએ સારાને બદલે ખરાબ વિચારો ફેલાવોછો અને તેમ કરીને જગત્‌ના દુ:ખમા વધારો કરોછો.

(૨) તે મનુષ્યમાં જે દોષ તમે ધારોછો તે હોય તો, તેનો વિચાર કરવાથી તમે તેને મજબુતી અને પોષણ આપોછો, અને તેમ કરીને તમારા બંધુને સુધારવાને બદલે બગાડોછો. ઘણું કરીને તે દોષ તેનામાં નથી અને માત્ર તમારા મનથી તમે તેનામાં કલ્પ્યો છે, અને પછી તમારા ખરાબ વિચાર તમારા બંધુને

ખોટું કામ કરવા લલચાવે છે, કારણકે જો તે હજી પૂર્ણતાએ પહોંચ્યો ન હોય તો તમે તેને તમારી કલ્પના જેવો બનાવોછો.

(૩) તમે તમારા મનને સારાને બદલે ખરાબ વિચારોથી ભરોછો અને તેમ કરીને તમારી ઉન્નતિ થતી અટકાવોછો, અને જેઓને દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત થઇ છે તેમની નજરે સુંદર અને પ્રિય દેખાવાને બદલે તમે કદરૂપા અને દુઃખજનક જણાવછો.

પોતાના અને નિંદાનો ભોગ થઇ પડેલા પુરૂષના આવા અહિતથી સંતોષ ન પામતાં નિંદાખોર પોતાના ગુન્હામાં બીજાઓને ભાગીદાર બનાવવા માટે બનતો પ્રયત્ન કરેછે, અને બીજા લોકો પણ માની લેશે એવી આશામાં પોતાની પાપી વાર્તા આતુરતાથી તેમની આગળ કહેછે; અને તેઓ બધા પેલા ગરીબ, દુઃખી અને

નિંદાનો ભોગ થઇ પડેલા પુરૂષ ઉપર ખરાબ વિચારો મોકલવાના કામમાં સાથે જોડાયછે. અને આવી રીતે દિનપરદિન ચાલેછે અને એક નહિ પણ હજારો માણસો આ પ્રમાણે કરેછે હવે તમે જોઈ શકોછો કે આ કેવું નીચ કામ છે-કેવું ભયંકર પાપ છે? તેનાથી સર્વથા દૂર રહો કોઈને વિષે બુરૂં બોલો નહિ, કોઇ તમારી આગળ બીજાનું બુરૂં બોલતો હોય ત્યારે તેને નરમાસથી કહો કે "કદાચ આ વાત સત્ય નહિ હોય અને કદાચ સત્ય હોય તોપણ તે વિષે ન બોલવું એ વધારે માયાળુપણાનું કાર્ય છે"

હવે નિર્દયતા અથવા હિંસા તરફ જોઇએ. હિંસા બે પ્રકારની છે; એક જાણી જોઈને કરાતી હિંસા અને બીજી અજાણતા થઇ જતી હિંસા. કોઇ પણ જીવતા પ્રાણીને હેતુપૂર્વક દુઃખ દેવું તેનું નામ જાણી જોઈને કરવામાં આવતી

હિંસા છે અને તે સૌથી મોટામાં મોટું પાપ છે-તે માનુષી કર્મ નહિ પણ રાક્ષસી કર્મજ ગણાય તમે કદાચ કહેશો કે આવું કામ તો કોઈ પણ મનુષ્ય કરશે નહિ, પણ મનુષ્યોએ તેવું કામ વારંવાર કર્યું છે અને હમણા પણ દરરોજ કરે છે. યુરોપમાં પાંચથી છ સૈકા પૂર્વે મનુષ્યના ધર્મવિચાર ઉપર દેખરેખ રાખવા માટે ખ્રિસ્તી લોકોના વડા ધર્મ ગુરૂ (પોપ) તરફથી નીમાયેલા ન્યાયાધિશોએ આવાં કામો કર્યાં છે; ઘણા ધાર્મિક મનુષ્યોએ તેવાં કાર્યો પોતાના ધર્મને નામે કરેલાં છે જીવતા પ્રાણીઓ ઉપર અખતરા કરનારા ઘણા વિજ્ઞાન શાસ્ત્રીઓ (વિવિસેકટરો) હાલમાં તેમ કરે છે, ઘણા શિક્ષકોને પણ આવું કામ હમેશાં કરવાની ટેવ પડી ગયેલી છે. આ સર્વ લોકો "એતો એમ ચાલતુંજ આવ્યું છે" એમ કહી પોતાની પશુવૃત્તિનો ખોટો બચાવ

કરેછે, પણ ઘણા લોકો અમુક ગુન્હારૂપ કાર્ય કરે તેથી તે કાર્ય ગુન્હારૂપ નથી એમ કંઈ સિદ્ધ થતુ નથી કર્મ રૂઢ અથવા રીતરીવાજની પરવા કરતું નથી; આ નિર્દય પણાનું કર્મ સર્વથી વિશેષ ભયંકર છે. આર્યાવર્ત-માં આવા રીતરીવાજને માટે કશો બચાવજ નથી કારણકે અહિંસાનો ધર્મ સર્વને સારી રીતે જાણીતો છે નિર્દયતાના કર્મનું ફલ એવા મનુષ્યોને પણ મળવુ જોઇએ કે જેઓ ઇશ્વરના પ્રાણીઓને જાણી જોઇને મારવાને માટે શિકાર-પર જાયછે અને તેને "શિકારની ગમત"નું નામ આપેછે.

મારી ખાત્રી છે કે તમે આવાં કર્મો તો કરશોજ નહિ; અને ઇશ્વર તરફના તમારા પ્રેમની ખાતર જયારે એવી તમને તક મળશે ત્યારે આવા પાપ કર્મોની વિરૂદ્ધ ખુલ્લી રીતે

બોધ કરશોજ. પણ જેમ કાર્યમાં તેમજ વાણીમાં પણ ક્રૂરતા રહી શકે છે; અને એક મનુષ્ય બીજાનું મન દુઃખવવાની ધારણાથી કંઈ શબ્દ બોલે તો તે પણ આજ જાતના ગુન્હાનો અપરાધી ઠરેછે. આવો અપરાધ પણ તમે કરશોજ નહિ, પણ કોઇ વખતે વગર વિચારે ઉચ્ચારેલો શબ્દ ખરાબ ધારણાથી બોલેલા શબ્દ જેટલુંજ નુકસાન કરેછે. માટે આવી અજાણતાથી થતી નિર્દયતાથી તમારે સભાળીને ચાલવું

આવી અજાણપણે થતી નિર્દયતા ઘણી વખતે અવિચારીપણાને લીધે કરવામાં આવેછે કોઇ માણસ લોભમાં એટલો તો ગરકાવ થઇ ગયો હોયછે કે બીજાઓને ઘણું થોડું આપીને અથવા તો પોતાની સ્ત્રી અને છોકરાંઓને અડધા ભુખ્યા રાખીને તે કેટલુ દુઃખ ફેલાવેછે તેનો વિ-

ચાર કરતો નથી. બીજો માત્ર પોતાની કામ વાસ-નાનોજ વિચાર કરેછે અને તેને તૃપ્ત કરતા કેટલા-ઓના શરીર અને જીવાત્માઓની અધોગતિ કરેછે, તેની તે થોડીજ દરકાર કરેછે. ત્રીજો માણસ થોડીક પળની પોતાની મહેનત બચાવવા માટે પોતાના નોકરને વખતસર પગાર આપતો નથી, અને તેમ કરતા લોકોને તે કેટલી મુશ્કેલીઓમા નાખેછે તેનો તે બિલકુલ વિચાર કરતો નથી. આપણા કાર્યની બીજાઓ ઉપર કેવી અસર થશે તેનો વિચાર કરવાની કાળજી નહિં રાખ-વાથી કેટલું બધું દુઃખ સર્વત્ર ફેલાઇ રહેછે પણ કર્મ કોઈને ભૂલતું નથી, અને મનુષ્યો ભૂલ કરેછે તે ધ્યાનમાં લેતું નથી ગુરૂમાર્ગ ઉપર દાખલ થવા તમે ઇચ્છતા હો તો તમારા કાર્યનું શું પરિણામ આવશે તેનો તમારે વિચાર કરવો. નહિ તો આ અજાણપણે થતી નિર્દયતાના અપ-

રાધમાં તમે આવી પડશો

વહેમ એક બીજો મોટો દોષ છે. અને તેને લીધે ઘણી ભયંકર હિંસા કરવામાં આવેછે. જે માણુસ આ દોષનો ગુલામ બનેલો હોયછે તે પોતાના કરતાં વધારે બુદ્ધિમાન્ પુરૂષોની અવગણના કરેછે. અને પોતે કરતો હોય તેમ બીજાઓ પાસે જોરજુલમથી કરાવવાનો પ્રયત્ન કરેછે. પશુઓનુ યજ્ઞમા અથવા કોઇ દેવદેવીઓને બલિદાન આપવું જોઇએ એવો વહેમ,—અથવા મનુષ્યોને ખોરાક માટે માસની જરૂર છે તેવો, તેનાથી પણ વધારે ક્રૂર વહેમ—આ બન્ને વહેમોને લીધે પશુઓનો કેટલો ભયંકર વધ કરવામાં આવેછે તેનો વિચાર કરો વહેમને લીધે આપણા વહાલા હિંદમાં નીચ ગણાતા લોકોની સાથે કેવી ખરાબ રીતે વર્તવામાં આવે છે તેનો વિચાર કરો અને તે ઉપરથી તમને

જણાશે કે આ વહેમનો દોષ ભ્રાતૃભાવની ફરજ સમજનારા લોકોમાં પણ કેવું નિર્દય ઘાતકીપણું ઉત્પન્ન કરેછે આ વહેમના વંટોળીઆમા સપડાઇને પ્રેમરૂપ ઇશ્વરને નામે ઘણા ભયંકર કર્મો કરવામાં આવેછે, માટે આ દોષનો કશો પણ અંશ તમારામાં ન રહે તેની તમારે ઘણી સંભાળ રાખવી.

ઉપર કહેલા બાબુ મોટા દોષોમાંથી તમારે મુકત થવું જોઇએ કારણ કે તેઓ સર્વપ્રકારની ઉન્નતિની આડે આવેછે અને તેઓ પ્રેમની વિરૂદ્ધના પાપકર્મો છે પણ માત્ર દોષમાથી આમ મુક્ત રહેવું તેટલુંજ બસ નથી; તમારે બીજાનું ભલું કરવામા ઉત્સાહથી કામે લાગવુ જોઇએ. સેવા અને મદદ કરવાની તિવ્ર ઇચ્છા તમારી નસેનસમાં એવીતો રમી રહેવી જોઇએ કે તમારી આસપાસના સર્વને તેનો લાભ આપ-

વાને તમે હમેશાં ઉત્સુક રહો અને માત્ર મનુષ્ય જાતિનેજ નહિ પણ પશુપક્ષિઓ અને વૃક્ષલતા વગેરેને પણ તેટલેજ દરજ્જે તમારી સેવાનો લાભ આપવાની તક નિરંતર શોધતા રહો. નાની બાબતોમા તેવી વૃત્તિ દેખાડો કે જેથી તમને એવી ટેવ પડી જાય અને જયારે કંઇ મોટું કામ કરવાનો કોઇ અસાધારણ પ્રસંગ આવી લાગે ત્યારે તેને વ્યર્થ ગુમાવી દો નહિ. કારણકે ઇશ્વર સાથે એક થવાને તમે ઘણા આતુર છો તે તમારા પોતાના માટે નથી; પણ તે એટલા માટે છે કે ઇશ્વરનો પ્રેમપ્રવાહ તમારા જેવી નેહેર મારફતે સર્વ મનુષ્ય જાતીને પહોંચી વળે.

જે પુરૂષ ગુરૂમાર્ગ ઉપર છે તે તો જાણેછે કે તેનું જીવન તેના પોતાના માટે નથી, પણ બીજાઓનેજ માટે છે; બીજા લોકોની સેવા કરી શકે તેટલા માટે તે પોતાને ભૂલી જાયછે. તે

ઈશ્વરના હાથમાં એક લખવાની કલમ બની જાય છે અને તે કલમદ્વારા ઈશ્વરના વિચારો વહેછે અને જગત્‌ની અંદર પ્રગટ થાયછે. આવી કલમ વિના આમ થવુ મુશ્કેલ છે તેમજ આવો પુરૂષ અગ્નિની એક જીવતી જ્વાલારૂપ છે અને પોતાના હ્રદયમા રહેલા ઇશ્વરીપ્રેમના કીરણોને આ જગત્‌મા ચારે બાજુએ ફેલાવેછે.

જ્ઞાન જે તમને મદદ કરવાને શકિતવાન્ બનાવેછે, ઇચ્છાશકિત જે જ્ઞાનને સિધા રસ્તા ઉપર મૂકેછે, અને પ્રેમ જે આ ઇચ્છાશકિતને પ્રેરેછે; આ તમારા મુખ્ય ગુણો છે અને જો તમે સેવક થવા ઇચ્છતા હો તો તમારે પણ આ ત્રણ ગુણો જગત્‌માં પ્રદર્શિત કરવા.

---

ગુરૂદેવના શબ્દો તણી, જે રાહ જોતો છે ખડો ;
જે શુભ જયોત નીહાળવા, છે અન્તરે આતુર બડો.

ગુરૂઆણ જલ્દી શુણવા, છે કાન માંડીને રહ્યો;
સંસારના રણક્ષેત્ર કેરી, મધ્યમાં પણ છો રહ્યો.

ગુરૂદેવની સુ અલ્પ સંજ્ઞા જાણવા ઉભો રહે;
યોધ્ધા ગણોના શીર્ષ પરથી, નજર ત્યાં નાંખી રહે.

ગુરૂદેવના અત્યંત ધીમા શબ્દને શુણતો રહે,
પૃથ્વી તણાં ઘોંઘાટ કરતાં, નાદધન ગાયન મહે.

(એજ છે ખુલ્લું એજ છે, ગુરૂદેવશરણે એજ છે.)

આ ચોપડી મુંબઇ ન ૯૩ ચીચપોકલી પરેલ રોડપર
લેડી નોર્થકોટ હિંદુ ઓર્ફનેજ, કે. એન. સેખર પ્રેસમાં
ધોડીબા નારાયણ વનારસે છાપી અને
મુંબઈ-માહીમમા વી. પી.
દલાલે પ્રગટ કરી છે.